Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



ક્રોધને ક્ષમાથી હણવો; માનને મૃદતાથી જિતવું; માયાને સરલતાનો ગુણ કેળવીને વશ કરવી તથા લોભને સંતોષથી પરાજિત કરવો. તાત્પર્ય કે વિવિધ ગુણો કેળવવા માટે સચ્ચારિત્રનું નિર્માણ કરવા માટે કષાયનો ત્યાગ જરૂરી છે.

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

| વૈશાખ | આત્મ સં. | વર્ષ : ૬૨ |
|---|---|---|
| ૨૦૨૧ | ૬૯ | અંક : ૭ |

For Private And Personal Use Only

સુવર્ણું અને રૂપાના કૈલાસ જેવડા અસંખ્ય પર્વતો હોય તો પણ લોભી પુરુષને એથી સંતોષ થતો નથી. ખરેખર ! ઈચ્છા આકાશના જેવી અનંત છે.

ગ્રામ : "Jahanhir"

ફોન નં. મીલ : ૨૮૦
બંગલો : ૩૫૮

## ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટ
મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોકસ નં. ૨
ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

3045

## આ સભાના નવા માનવંતા પેટ્રન



શેઠશ્રી ચંદુલાલ પુનમચંદ શ્રોફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી ચંદુલાલ પુનમચંદ

શેઠશ્રી ચંદુલાલભાઇનો જન્મ ઉત્તર ગુજરાતમાં પ્રખ્યાત પાટણ શહેરની નજીક આવેલા સારા એવા વેપારના કેન્દ્ર ચાણસ્મા નામનાં શહેરમાં વેરાણીવાળા શેઠશ્રી પુનમચંદ તારાચંદને ત્યાં સંવત ૧૯૫૦ ના માગશર વદિ બારસના રોજ થયો હતો.

શ્રી ચંદુલાલભાઇએ અઢાર વર્ષની વયે સાધારણ અભ્યાસ પૂરો કરી ધંધાની શરૂઆત કરી તે સમયે તેમના કુટુંબની સંયુક્ત માલિકીની શરાફી અને કમીશન-એજન્ટની પેઢી ભાવનગરમાં રાંધનપુરી બજારમાં ચાલતી હતી પણ પોતે તેમાં ન જોડાતાં તેમણે પોતાની સ્વતંત્ર પેઢી શરૂ કરી. નાનપણથી સમાજ ઉપયોગી કાર્યો કરવા તરફ તેમની વૃત્તિ હતી તેથી ભાનગરમાં પોતે સુતર એસોસિયેશનની સ્થાપના કરી, પોતે તેના માનદ્ મંત્રી બન્યા અને સુંદર કામગિરી બજાવી આથી સુતરના વેપારીભાઇઓ શેઠશ્રી ભગવાનદાસ છગનલાલ વગેરે તરફથી તેમને એક અભિનંદન પત્ર આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શ્રી વિજયધર્મસૂરિજી કૃત "ધર્મદેશના"નું પુસ્તક છપાવવાની વ્યવસ્થા શ્રી યશોવિજય જૈન ગ્રંથમાલા તરફથી શેઠ પ્રેમચંદ રતનજીની સાથે મળીને તેમણે કરાવેલ હતી.

સંવત ૧૯૭૪ માં તેઓ મુંબઈ આવ્યા અને મુંબઈમાં શરાફી તથા કમિશન એજન્ટનો ધંધો શરૂ કર્યો સાથે સાથે તેમણે 'ગુજરાતી સીડઝમંડળી'ના માનદ્ મંત્રી તરીકેની કામગિરી પણ ઉપાડી લીધી હતી.

સં. ૨૦૧૭ માં વિમલ કો-ઓપરેટિવ હાઉસીંગ સોસાઇટી લિમિટેડની સ્થાપના થઈ અને શેઠશ્રી ચંદુલાલભાઈ તેના માનદ ટ્રેઝરર બન્યા આ જવાબદારી ભર્યા હોદ્દા ઉપર રહીને તેમણે સોસાઇટીના વાલકેશ્વરમાં બાણગંગા પાસે બાસઠ ફ્લેટવાળું વિશાળ મકાન બંધાવવામાં સુંદર સહાય કરી આજે તેઓશ્રી આ સોસાઇટીના પ્રમુખ છે તેમની ઇચ્છા આ સ્થળે એક સુંદર દેરાસર ઉપાશ્રય બંધાવવાની છે અને તે માટે યોગ્ય પ્રવૃત્તિ હાલમાં તેમણે ચાલુ કરી છે અને તે સફળતાથી પાર પાડવાની ભાવના સેવે છે.

તેમનાં પત્ની શ્રીમતી ચંપાબેન ધર્મના અનુરાગી છે અને અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યાઓ તેમણે કરેલ છે. તેમના જ્યેષ્ઠ પુત્ર ડૉ. જયંતીલાલ શ્રોફ સર જે જે હોસ્પિટલમાં ચામડીના દર્દોના સ્પેશિયાલિસ્ટ છે અને બીજા પુત્ર ફિલ્મ લાઇનમાં છે, તેમના એક પૌત્ર પણ ડૉક્ટર છે. શેઠશ્રી ચંદુલાલભાઈ પોતાને મળતી લક્ષ્મીનો ગુપ્ત દાનથી સદુપયોગ કરતા રહે છે મુંબઇમાં બંધાયેલી ધર્મશાળા તથા અન્ય સ્થળોને તેઓએ આર્થિક સહાય કરેલી છે.

હાલના ઉપપ્રમુખ ફતેહચંદ ઝવેરભાઈના પરમ સ્નેહી મીત્ર છે તથા સ્વ. વલભદાસ ત્રીભોવનદાસ સભાના માનદ્ મંત્રી તથા સ્વ. શેઠ ગુલાબચંદ આણંદજી સભાના પ્રમુખ તેઓના પરમ સ્નેહી મીત્રો હતા.

આવા એક સેવાભાવી સદ્‌ગૃહસ્થ અમારું આમંત્રણ સ્વીકારી આ સભાના પેટ્રન થયા છે અને એ રીતે અમારા કામમાં સહકાર આપ્યો છે તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ તથા દીર્ઘાયુષ્ય ભોગવી પોતાના જીવનને વધુ ઉજ્જવળ બનાવે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૬૨મું ] તા. ૧૦ મે ૧૯૬૫ [ અંક ૭

# જિ ન વા ણી

अस्सिं च लोए अदु वा परत्था,
सयग्गसो वा तह अन्नहा वा ।
संसारमावन्न परं ते,
बंधंति वेदंति य दुन्नियाणि ॥
( સૂ. શ્રુ. ૧, અ. ૭, ગા. ૪ )

જેમ કોઈ વિશાળ તળાવમાં પાણી આવવાના માર્ગને બંધ કરવામાં આવે, અને તેમાં રહેલા પાણીને ઉલેચી નાખવામાં આવે, કે સૂર્યના તાપથી ક્રમે ક્રમે સૂકવી નાખવામાં આવે, તેમ સંયમી પુરુષ સંવરદ્વારા ક્રોડો ભવમાં સંચિત કરેલાં કર્મોનો નાશ કરે છે.

जहा महातलागस्स, सन्निरुद्धे जलागमे ।
उस्सिचणाए तवणाए कमेणं सोसणा भवे ।
एवं तु संजयस्सावि पावकम्मनिरासवे ।
भवकोडिसंचियं कम्मं, तवसा निज्जरिज्जइ ॥
( ઉત્ત. અ. ૧૨, ગા. ૫–૬ )

કરેલાં કર્મો આ જન્મમાં અથવા પછીના જન્મમાં, જે પ્રકારે એ કર્મો કરવામાં આવ્યાં હોય તે પ્રકારે કે બીજા પ્રકારે પણ પોતાનું ફળ આપે છે. સંસારમાં પરિભ્રમણ કરી રહેલો જીવ માનસિક, વાચિક અને કાયિક દુષ્કૃતોનાં કારણે નવાં નવાં કર્મોને બાંધે છે તથા તેના ફળો ભોગવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધ્યાત્મ મહાવીર

સર્વ દ્રવ્યમય વિશ્વનો જ્ઞેય પરિણામે મારામાં ક્ષણે ક્ષણે ઉત્પાદ વ્યય થયા કરે છે એમ જે સ્યાદ્વાદદૃષ્ટિએ અનુભવે છે તે જ આત્મદૃષ્ટિથી મને દેખે છે. અને તે જ પ્રભુ બને છે. એકબીજામાં પ્રેમથી મને દેખો અને ભિન્નતા સ્વાર્થનો ત્યાગ કરો. જે કાંઈ થાય છે તેમાં આનંદથી વર્તો. જે કાંઈ થશે તેમાં આનંદથી દેખજો. જ્યાં જ્યાં શક્તિઓ છે ત્યાં ત્યાં મારું શક્તિસ્વરૂપ છે એમ અભેદ અપેક્ષાએ જાણો. જે કાંઈ દુઃખરૂપ છે, જડરૂપ છે, તે અનાત્મરૂપ જાણો. એક તરફ માત્ર પણ હું ભક્તિવાળા હૃદયથી દૂર નથી. અસત્થી સત્ની ઉત્પત્તિ નથી અને સત્થી અસત્ની ઉત્પત્તિ નથી. મિથ્યા હું પણાનો ત્યાગ તે ત્યાગ છે અને તેવી દશામાં રહીને પશ્ચાત્ વર્તવું તે ત્યાગાશ્રમ છે. માતાના ઉદરથી જન્મ તે એક જન્મ છે અને મારો અનુભવ કરી જૈન બનવું તે દ્વિજ અર્થાત્ બીજીવાર આત્મભાવે જન્મવાનું છે. મનનું આત્માની પાસે સ્થિર થવું અને રાગદ્વેષના વિકલ્પ સંકલ્પ રહિત થવું—તે અધ્યાત્મ-ઉપનિષદ્ છે, અને એવા પ્રકારનો બોધશાસ્ત્ર તે શબ્દોપનિષદ્ છે. આત્માના સત્ય જ્ઞાન સ્ફુરણાઓને સાંભળવી તે શ્રુતિ છે, શુદ્ધાત્મજ્ઞાન તે શરીરમાં રહેલ જીવતો જ્ઞાનવેદ છે, અને એવી દશા પમાડનારાં મારા હિત વચનો તે શાસ્ત્રવેદો છે. પૂર્વનાં તીર્થંકરો તથા મુનિઓનાં ચરિત્રો પુરાણ–ઈતિહાસ છે. સર્વ તીર્થંકરોના ઉપદેશો તે તે કાળના શાસ્ત્રવેદો હતા અને ઈતિહાસો તે પુરાણો હતાં. અધ્યાત્મદૃષ્ટિએ શરીરમાં રહેલ શુદ્ધાત્મા તે જ પરબ્રહ્મ મહાવીર છે. અને તેના મુખ્ય ગુણો તે ઈન્દ્રો, નવ ગ્રહ, દશદિક્પાલ, રુદ્ર, વસ્ત્ર, આદિત્ય અને પ્રજાપતિ રૂપ છે. આત્માની શુભ શક્તિઓ તે દેવીઓ છે. શુભ માનસિક વિચારો તે આધ્યાત્મિક મનુષ્યો છે. અને શુભ માનસિક વૃત્તિઓ તે માનુષી સ્ત્રીઓ છે. આત્માના પ્રકાશથી સર્વ વિશ્વ પ્રકાશે છે, માટે આત્માને જાણો. શરીરમાં ચૌદ વિભાગોમાં અધ્યાત્મદૃષ્ટિએ ચૌદ રાજલોકની કલ્પના જાણો અને તેની બહાર સર્વાકાશમાં અલોકાકાશની અપેક્ષાએ ઔપચારિક સ્થાપના કરીને દેહ-દૃષ્ટિદ્વારા લોકાલોકના અનુભવ કરો. મનની મનનદશા સુધી આવવાથી આત્મા મનુષ્ય થાય છે. અને મનની પેલેપાર અનંત આત્મા પોતે પોતાને અનુભવે છે ત્યારે તે મનો મહાવીર મટીને આત્મ-મહાવીર થાય છે. મનો-મહાવીર બનતાં સુધી પ્રકૃતિ સ્વછંદચારિણી તરીકે સાથે કાર્ય કરે છે અને આત્મ-મહાવીર પ્રભુ બન્યા પછી પ્રકૃતિ પોતે તાબેદાર બની આત્માના હુકમને અનુસરીને કાર્ય કરે છે. આત્મ-મહાવીર પ્રભુ બન્યા પછી પ્રકૃતિ પોતે તાબેદાર બની આત્માના હુકમને અનુસરી કાર્ય કરે છે. પશ્ચાત્ પરદૃષ્ટિમાં જો કોઈ ભાસે છે તે સત્યજ ભાસે છે. પછીથી અસત્યનું મિશ્રણ થઈ શકતું નથી. ત્યાગીઓ આત્મ-મહાવીર બનવાનો પુરુષાર્થ કરે છે. તેઓ આત્માને સાક્ષીરૂપ બનાવીને પ્રવર્તે છે. તેઓ પુણ્ય, પાપ, કર્મથી નિર્લેપ રહે છે. ગાયો વગડામાં ચરવા જાય છે, પરંતુ તેઓનું લક્ષ્ય તો પોતાનાં વાછરડાં પર હોય છે, એમ જેઓ વર્ણાદિક સ્વાધિકારે કર્તવ્ય કાર્યો કરે છે પરંતુ લક્ષ્ય તો મારું હોય છે, તેઓ આત્મ-મહાવીર બને છે. નટ જેમ વાંસ પર અનેક પ્રકારના ખેલ કરે છે પણ તેનું લક્ષ્ય ભૂલતો નથી; તેમ હે માનવો! તમે પ્રારબ્ધ કર્માનુસારે સર્વ કર્તવ્ય કર્મોના ખેલ કરો, નટની પેઠે વ્યવહાર બાજી રમો પણ લક્ષ્ય ન ભૂલો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનો સ્વરૂપધર્મ

લે૦ : જિજ્ઞાસુ

"આ જગતને વિશે જેને વિશે વિચારશક્તિ વાચાસહિત વર્તે છે, એવાં મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે; તથાપિ પ્રાયે જીવને અનંતવાર મનુષ્યપણું મળ્યાં છતાં તે કલ્યાણ સિદ્ધ થયું નથી, જેથી વર્તમાન સુધી જન્મમરણનો માર્ગ આરાધવો પડ્યો છે. અનાદિ એવા આ લોકને વિશે જીવની અનંતકોટી સંખ્યા છે. સમયે સમયે અનંત પ્રકારની જન્મમરણાદિ સ્થિતિ તે જીવોને વિશે વર્ત્યા કરે છે; એવો અનંતકાળ પૂર્વે વ્યતીત થયો છે. અનંતકોટી જીવના પ્રમાણમાં આત્મકલ્યાણ જેણે આરાધ્યું છે, કે જેને પ્રાપ્ત થયું છે, એવા જીવ અત્યંત થોડા થયા છે, વર્તમાને તેમ છે, અને હવે પછીના કાળમાં પણ તેવી જ સ્થિતિ સંભવે છે, તેમ જ છે. અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ જીવને ત્રણેકાળને વિશે અત્યંત દુર્લભ છે; એવો જે શ્રી તીર્થંકરદેવાદિ જ્ઞાનીનો ઉપદેશ તે સત્ય છે. એવી જીવસમુદાયની જે *ભ્રાંતિ તે અનાદિ સંયોગે છે, એમ ઘટે છે, એમ જ છે. તે ભ્રાંતિ જ કારણથી વર્તે છે, તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે; એક પારમાર્થિક અને વ્યાવહારિક અને તે બે પ્રકારનો એકત્ર અભિપ્રાય જે છે તે એ છે કે, આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી; **એક અક્ષર સત્ય પણ તે જીવમાં પરિણામ પામ્યું નથી;** સત્પુરૂષના દર્શન પ્રત્યે જીવને રૂચિ થઈ નથી; તેવા તેવા જોગે સમર્થ અતંરાયથી જીવને તે પ્રતિબંધ રહ્યો છે; અને તેનું સૌથી મોટું કારણ અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું, અને અસત્ દર્શનને વિશે સત્ દર્શનરૂપ ભ્રાંતિ તે છે. 'આત્મા નામનો કોઈ પદાર્થ નથી,' એવો એક અભિપ્રાય ધરાવે છે; 'આત્મા નામનો પદાર્થ સંયોગિક છે,' એવો અભિપ્રાય કોઈ બીજા દર્શનનો સમુદાય સ્વીકારે છે; 'આત્મા દેહ સ્થિતિરૂપ છે, દેહની સ્થિતિ પછી નથી,' એવો અભિપ્રાય કોઈ બીજા દર્શનનો છે; 'આત્મા અણુ છે,' 'આત્મા સર્વ વ્યાપક છે,' 'આત્મા શૂન્ય છે,' 'આત્મા સાકાર છે,' 'આત્મા પ્રકાશરૂપ છે,' 'આત્મા સ્વતંત્ર નથી,' 'આત્મા કર્તા નથી,' 'આત્મા કર્તા છે ભોકતા નથી,' 'આત્મા કર્તા નથી ભોક્તા છે,' 'આત્મા કર્તા નથી ભોક્તા નથી,' 'આત્મા જડ છે,' 'આત્મા કૃત્રિમ છે,' એ આદિ અનંત નય જેના થઇ શકે છે એવા અભિપ્રાયની ભ્રાંતિનું કારણ એવું *અસત્દર્શન તે આરાધવાથી પૂર્વે આ જીવે પોતાનું સ્વરૂપ તે જેમ છે તેમ જાણ્યું નથી. તે તે ઉપર જણાવ્યા એકાંત–અયથાર્થપદે જાણી આત્માને વિશે અથવા આત્માને નામે ઈશ્વરાદિ વિશે પૂર્વ જીવે આગ્રહ કર્યો છે; એવું જે અસત્સંગ, નિજેચ્છાપણું અને મિથ્યાદર્શનનું પરિણામ તે જ્યાં સુધી મટે નહીં ત્યાં સુધી આ જીવ કલેશરહિત એવો શુદ્ધ અસંખ્ય પ્રદેશાત્મક મુક્ત થવો ઘટતો નથી, અને તે અસત્સંગાદિ ટાળવાને અર્થે **સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું અને પરમાર્થ–સ્વરૂપ એવું જે આત્માપણું તે જાણવા યોગ્ય છે.**

પૂર્વે થયા એવા જે તીર્થંકરાદિ જ્ઞાનીપુરૂષો તેમણે ઉપર કહી એવી જે ભ્રાંતિ તેનો અત્યંત વિચાર કરી, અત્યંત એકાગ્રપણે, તન્મયપણે જીવસ્વરૂપને વિચારી, જીવસ્વરૂપે શુદ્ધ સ્થિતિ કરી છે, તે આત્મા અને બીજા સર્વ પદાર્થો તે શ્રી તીર્થં-

* ભ્રાંતિ–સ્વરૂપ ભ્રાંતિ જિ૦

* અસત્ દર્શનનું આરાધન એટલે સત્ એવા આત્માનું અનારાધકપણું તેના નિમિત્ત કારણો અસત્સંગાદિ–મિથ્યા દર્શનાદિ.—જિજ્ઞાસુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરાદિએ સર્વ પ્રકારની ભ્રાંતિરહિતપણે જાણવાને અર્થે અત્યંત દુષ્કર એવો પુરૂષાર્થ આરાધ્યો છે. આત્માને એક પણ અણુના આહારપરિણામથી અનન્ય ભિન્ન કરી આ દેહને વિશે સ્પષ્ટ એવો અનાહારી આત્મા, સ્વરૂપથી જીવનાર એવો જોયો છે. તે જોનાર એવા જે તીર્થંકરાદિ જ્ઞાની પોતે પોતે જ શુદ્ધાત્મા છે, તો ત્યાં ભિન્નપણે જોવાનું કહેવું જો કે ઘટતું નથી, તથાપિ વાણીધર્મે એમ કહ્યું છે. એવો જે અનંત પ્રકારે વિચારીને પણ જાણવા યોગ્ય 'ચૈતન્યઘન જીવ' તે બે પ્રકારે તીર્થંકરે કહ્યો છે; કે જે સત્પુરૂષથી જાણી, વિચારી, સત્કારીને જીવ પોતે તે સ્વરૂપને વિશે સ્થિતિ કરે. પદાર્થમાત્ર તીર્થંકરાદિ જ્ઞાનીએ 'વક્તવ્ય' અને 'અવક્તવ્ય' એવા બે વ્યવહારધર્મવાળા માન્યા છે. અવકતવ્યપણે જે છે તે અહીં અવકતવ્ય જ છે. વકતવ્યપણે જે જીવ ધર્મ છે, તે સર્વ પ્રકારે તીર્થંકરાદિ કહેવા સમર્થ છે, અને તે માત્ર જીવના વિશુદ્ધ પરિણામે અથવા સત્પુરૂષે કરી જણાય એવો જીવ ધર્મ છે. અને તે જ ધર્મ તે લક્ષણે કરી અમુક મુખ્ય પ્રકારે કરી તે *દોહાને વિશે કહ્યો છે. અત્યંત પરમાર્થના અભ્યાસે તે વ્યાખ્યા અત્યંત સ્ફુટ સમજાય છે, અને તે સમજાયે આત્માપણું પણ અત્યંત પ્રગટે છે, તથાપિ યથાવકાશ અત્ર તેનો અર્થ લખ્યો છે."—૪૩૭

**આત્મજ્ઞ સંત શ્રીમદ્ રાજચંદ્રજી**

---

* **સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ.**

# અમૃત

સમતા એ અમૃત છે. અમૃત દેવોને ત્યાં કે સ્વર્ગમાં છે એમ ન માનો. એ હૃદયમાં છે, જે જીવનમાં સમતા છે ત્યાં અમૃત છે. એ અમૃતની મીઠાશનો અનુભવ મેં વર્ષો પહેલાં એક ગૃહસ્થને ત્યાં કરેલો મારા શૈશવનું એ સંભારણું છે આજ પણ એ એવું જ તાજું છે.

મને પણ એમણે ભોજન પ્રસંગે નિમંત્રેલો. એમને ત્યાં કોઇ પ્રસંગ હતો. સમાજના અગ્રગણ્ય વ્યક્તિઓને એમણે પોતાને ત્યાં જમવા નોતરેલા ચાંદીનાં થાળી-વાડકાં ગોઠવાઇ ગયાં. ૧૫૦ માણસની પંગત હતી. દૂધપાક-પૂરીનું ભોજન હતું. અને મહેમાનો પંગતમાં ગોઠવાઇ ગયા હતા.

દૂધપાકનું મોટું તપેલું ઉપાડતાં રસોયાનો પગ લપસ્યો અને દૂધપાક ચૂલાની રાખમાં!

સૌ અવાક્ થઇ જોઇ જ રહ્યા. શેઠ ધીરેથી આગળ વધ્યા. સૌની દૃષ્ટિ એમના પર હતી. દૂધપાક વિના ભોજનનો પ્રસંગ તો બગડ્યો જ હતો. એ શું પગલાં લે છે તે જોવા સૌ આતૂર હતા, રસોયા પાસે જઇ એમણે પ્રેમપૂર્વક એટલું જ પૂછ્યું: તું ક્યાંય દાઝ્યો તો નથી ને?' આ શબ્દોથી સર્વત્ર સ્તબ્ધતા છવાઈ ગઇ.

રસોયો કંઈક બોલવા ગયો પણ બોલી જ ન શક્યો. એની આંખના ખૂણામાં બે આંસુ હતાં. શેઠની સમતા અને સહાનુભૂતિને એ પારદર્શક આંસુમાંથી પણ જોઇ શક્યો હતો.

નિયમ પ્રમાણે પંગત ચાલુ થઇ. જાણે કંઇ બન્યુ જ નથી. શાકપૂરી, ખમણ, ભાત અને કઢી પછી મુખવાસ લઈ સૌ જમી ઊઠ્યા.

પણ જમનારના મનમાંથી એ મીઠાસભર્યો બનાવ કેમેય ખસે નહિ; આનું નામ દૂધપાક, દૂધપાકનો સાચો સ્વાદ તો આજ માણ્યો. મીઠાશ ક્યાં છે? વસ્તુમાં કે માણસના મનમાં? ઊંડા ઊતરતા લાગે છે કે મીઠાશ-જીવનની મીઠાશ-વસ્તુમાં નહિ, પણ છે આવી કોઈ સમતાભરી પળમાં. —**ચિત્રભાનુ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉન્નતિની ચાવી

વ્યાખ્યાતા : પૂ. મુનિશ્રી ચંદ્રસાગરજી મહારાજ

આજે આપણા વ્યાખ્યાનનો વિષય છે 'ઉન્નતિની ચાવી.' એ વાત સત્ય છે કે જો તાળું બહાર લગાડેલું હોય તો ચાવી પણ બહારથી જ મેળવવાની રહે છે. પણ જો તાળું જ આપણી અંદર હોય તો ચાવી કેવી રીતે બહાર મળશે ?

જીવન એટલે શું ? જીવન એ બહારની વસ્તુ નથી પણ સ્વની જાગૃતિ છે કોઈ દારૂડિયો દારૂના ઘેનમાં બકબક કર્યા કરે, ગંદી ગટરોમાં ગબડી પડે, પણ જ્યારે એનું ઘેન ઉતરી જાય છે ત્યારે એ કપડાં ઝાટકી પોતાના મૂળ સ્વરૂપમાં આવે છે. એટલે જીવન એ બીજું કંઇ નથી, માત્ર જાગૃતિ છે.

આજે ઘણાઓનો સમય જતો નથી. પોતાને ભૂલવા એ પત્તાની દુનિયામાં ડૂબી જવાનું વિચારે છે. એટલે એમના જીવન કરતાં એમને મન બાવન પત્તા વધારે રસપ્રદ છે !

અજ્ઞાની અને જ્ઞાનીના આનંદની વાત જ આ છે: ધ્યાન અને સાધનામાં જ્ઞાનીને આનંદ જડે છે. જ્યારે અજ્ઞાનીને કલેશ અને ધાંધલમાં આનંદ ઉપજે છે.

જે દિવસે તમને જીવન શું છે ? એ સત્યરૂપે સમજાશે ત્યારે તમે જ્યાં છો ત્યાં ઊભા નહીં રહી શકો. તમને લાગશે જે મને મળતું દેખાય છે, ત્યાં જ હું મને ખોઈ રહ્યો છું.

આજે બાળક હો કે યુવાન: માતા હો કે પિતા: સાધુ હો કે સંસારી જીવન શું છે એની ગમ નથી. જો એ ગમ હોત તો પા શેર દૂધ માટે ઘરમાં ઝગડા ન થાત. આ શરીર ઢાંકવાના વસ્ત્ર માટે ઘરોમાં કલેશ ન થાત. આ બધું દુ:ખ, આ બધી અશાંતિ જીવન વિશેની અજ્ઞાનતા છે.

જેમને જીવન જડયું છે, અને જેઓ જીવનને તેના શુદ્ધ સ્વરૂપે જોઈ અને જાણી શકયા છે તે કોઈ દિવસ બીજાની ચિંતા કરતા નથી. તે જીવનનું દર્શન જ કરે છે.

આજે તમે ભગવાન પાસે જઈ કહો છો, કે 'હે પ્રભુ, મેં રાગ કર્યો, મેં દ્વેષ કર્યો, મેં પાપ કર્યાં. મને ક્ષમા આપ.' પરંતુ એ પ્રભુ કયાં સાંભળવાના છે ? જેઓની સામે કહેવાનું છે, ત્યાં તો તમે ભૂલી જ જાઓ છો.

પ્રભુ પાસે ભાવના ભાવ્યા બાદ અથવા પ્રતિક્રમણમાં આલોચના કર્યા બાદ પુનઃ એવું ન કરવાની કાળજી રાખવાની છે. અને જેમની સાથે તમારે વર્તવાનું છે ત્યાં સદ્વ્યવહાર રાખવાનો છે.

પણ પાપવ્યાપાર માટે બાર કલાકને આલોચના માટે જાગૃતિ વિહોણી બે ઘડી કેવી રીતે તમારા પ્રવાહને બદલી શકે ? એ બે ઘડી જો તમે ચિન્તન અને જાગૃતિથી સર્વોત્તમ બનાવી હોત તો જરૂર તેમાં તમે વિજયી બન્યા હોત. એટલા જ માટે જીવનનો પ્રશ્ન આજે સર્વને મૂંઝવી રહ્યો છે. સૌ શાંતિની–સુખની ચાવી શોધી રહ્યા છે. પરંતુ એ જ્યાંથી મળે તેમ છે ત્યાં કોઇ પહોંચવા સાહસ કરતું નથી.

હાથી એક એવું જબરજસ્ત પ્રાણી છે, કે એ ધારે તો સિંહને એક જ પગ નીચે કચડી શકે છે એ ઇચ્છે તો એને સૂંઢથી ગગનમાં ઊછાળી શકે છે, પણ એનું હૃદય પોચું છે, કાચું છે એટલે સિંહને જોતાં જ એ શિથિલ થઇ જાય છે. તે ક્ષણે તે પોતાનુ ભાન ભૂલી જાય છે. તે પ્રમાદની પળનો લાભ લઇ સિંહ તેના ઉપર આક્રમણ કરે છે.

આજે માણસની એવી જ કંઈક પરિસ્થિતિ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવન જેવી બહુમૂલ્યવાન વસ્તુ મળવા છતાં માણસ નિર્મૂલ્ય વસ્તુઓ પાછળ ઘેલો બન્યો છે. બાહ્ય વસ્તુને લીધે આત્મવીર્ય ગુમાવી બેઠો છે.

હાથમાં મૂઠી સાકર છે. તમારી સામે ગ્લાસ છે. પાણીથી ભરેલો ગોળો છે ને સાગર છે. હવે જો સાગરમાં એ નાંખશો તો તે નિષ્ફળ જશે. ગોળામાં નાંખશો તો થોડી કામ આવશે પણ પ્યાલામાં નાંખશો તો જરૂર શરબતની મજા આપશે.

જીવનને પણ એ જ રીતે ક્યાં અને કેવી રીતે કેટલું વાપરવું તે પ્રશ્ન છે. જીવન એ જ્યાં ત્યાં પૂર્તિ માટે નહીં પણ જાગૃતિ માટે હોય તો જીવનનો યોગ્ય રીતે ઉપયોગ થયો સમજવો.

જીવન એ પ્રવાહ છે. આ સતત વહેતા પ્રવાહને જાગૃતિથી જોવું અને જાગીને જીવવું એ જ એની ચાવી છે. ચાવી બહાર નહીં પણ અંદર છે અને તે છે જાગૃતિ !

ભગવાન મહાવીર પ્રભુએ ગૌતમસ્વામીને એ જ કહ્યું હતું :

"સમયમપિ મા પમાએ ગોયમા !"

સ્મૃતિ નોંધ :

**મુનિશ્રી હરીશચંદ્રવિજયજી.**

# ગાંધીજી અને વર્ણાશ્રમ

....પણ ગાંધીજીએ કંઇ ચાર આશ્રમોનું એકિકરણ કરીને જ સંતોષ ઓછો માન્યો છે? એમણે તો ચાર વર્ણ, જેમાં ઊંચ-નીચભાવ પ્રવર્તે. અરસપરસ એકબીજાની સાથે ખાય નહીં, સમપણ નહીં, મળવાનો જાણે સંબંધ નહીં, એકબીજાના પડોસમાં રહેતા હોય તેનો કોઇ ખ્યાલ નહીં, આવી સ્થિતિ છતાં ગાંધીજીએ શું કર્યું ? ઊંચ-નીચ-ભાવ દુર કર્યો, એટલું જ નહીં. એક વર્ણને બીજાની પાસે આવવા દીધો અને બધા સાથે રહે એટલું જ નહીં, પણ એમણે તો એમ કહ્યું કે માણસના જીવનમાં ચારે વર્ણો પ્રગટવા જોઇએ. જે બ્રાહ્મણ હોય તે જ ક્ષત્રિય; અને જે બ્રાહ્મણ અને ક્ષત્રિય હોય તે જ વૈશ્ય; અને જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય હોય તે જ શુદ્ર અથવા સેવક. એક માણસમાં આ ચારેય શક્તિઓ વિકસવી જોઇએ, પછી ભલેને એ મુખ્યપણે એક શક્તિ અથવા એક વૃત્તિથી કામ કરે. પણ એવું નહોવું જોઇએ કે કોઇ માણસ પોતાને માત્ર બુદ્ધિજીવી અને બ્રાહ્મણ કહે, અને રક્ષણને માટે પરાધિન હોય. વળી એવું પણ ન હોવું જોઇએ કે જે બુદ્ધિનું અને રક્ષણનું કામ કરતો હોય, તે અર્થની-હિસાબકિતાબની વાત જ ન જાણે. ગાંધીજીના જીવનથી પણ આપણે આ વાત જાણીએ છીએ. એમણે તો મજુરીનાં કામ કર્યાં, ખેતરનું કામ કર્યું, બગીચાનું કામ કર્યું, પ્રેસનું પણ કામ કર્યું. આપણે માનવતાના પાયાની મૂલવણીમાં હાથની વિશેષતા જોઇ. ગાંધીજીએ પોતાના દસ આંગળીવાળા બે હ થથી બધું જ કામ કર્યું. એમણે સેવકનું પણ કામ કર્યું; અને ગણતરીબાજ તો એવા હતા કે એમની આગળ ભલભલા અર્થશાસ્ત્રીઓ પણ પોતાની ભૂલો સમજતા. એ જ રીતે એમણે રક્ષણની પણ જવાબદારી લીધી.

પંડિત સુખલાલજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવતા અને દાનવતા

( કવિ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

[ મંદિરા છંદ ]

કંટકમાં રહી પ્રમુદિત ભાવે રંગ ધારે કુસુમો
સુગંધ આપી જનમન રંજી વિકાસ સાધે છે નિજનો
પંક અને અશુચિ જલમાં રહી ભૂલે નહીં નિજ આત્મગુણો
દાનવ સાથે રહીને પણ એ માનવતા સાધે પ્રગુણો ૧

પ્રભુના માર્ગે આગળ વધવું સંતોનો એ માર્ગ સુધી
દાનવમાંહી રહી ન ચૂકે માનવતાને સાધુ કદી
ઝરણું દોડે પથરીલા ને નીચા ઉંચા માર્ગમહી
પટકાએ અથડાએ પણ એ પ્રગતિ ન ચૂકે દુઃખ સહી ૨

કોયલ ટહુકે મૃદુ મધુ પંચમ સ્વર આલાપી ને ગાતી
વન વગડામાં તરૂરાજીમાં અંધારામાં મનગમતી
વંદે નિંદે કોઈ પ્રસંસે સંતોને નહીં કાંઈ પરવા
એક તાન થઈ પ્રભુ ભજવામાં લીન થાય ઉન્નતિ કરવા ૩

સાગર નિજ ગાંભીર્ય ન છંડે મર્યાદા ન કદી મૂકે
આઘાતો ને પ્રત્યાઘાતો સહી સ્વધર્મ ન એ ચૂકે
આપત્તિ ને વિપત્તિમાં પણ સંત ન છોડે નિજ શાંતિ
દાનવતા એને નહીં સ્પર્શે ગઈ સહુ તસ મનની ભ્રાંતિ ૪

હિમગિરિ સ્થિરતા ધરી ઉભો છે દૃઢતા નિશ્ચલતા ન તજે
સાધુજનો કેઈ આત્મસાધના કરે નિકટ રહી પ્રભુ ભજે
કેઇ દાનવો ચોર લુટારા તિહાં રહી બહુ પાપ કરે
પણ હિમગિરિ તો સમાન ભાવે દાનવ માનવ દૈન્ય હરે ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાગ છાગ ને વાઘ સહુને જલ પાઇને તૃપ્ત કરે
પાવન ગંગા નદી શુદ્ધતા આપી સહુના દુઃખ હરે
સંત મહાત્મા સહુ કોઇને ધર્મ બતાવે પાવનતા
પર ઉપકાર કરી માનવતા શિખલાવે ગંગા સરિતા ૬

ધરણી માતા સહે અનંતા આઘાતો નિજ અંગ મહી
સહનશીલતા બીજે ન મળે એવા ધક્કા સહે મહી
આપે સહુને અન્ન અને જલ પકવીને સહુ નિજ અંગે
સંતો એવા કેઇ દીઠા છે શાંતિ જેમના નહીં ભંગે ૭

સ્નેહ* પૂર્ણ ભાજનથી ઉજ્વલ દીપક પ્રકાશ પાથરતો
અંધારૂં સહુ દૂર કરીને જ્ઞાનકિરણથી તમ હરતો
ગુરૂ પણ ઘોર અવિદ્યાકેરૂ અંધારૂં સહુ દૂર કરે
બાલેન્દુ કહે માનવતાને આદરતા માંગલ્ય વરે

*તેલ અને પ્રેમ

# અહિંસાની ઉપાસના

અહિંસા આત્માની શક્તિ છે. આત્મા મરતો નથી. એ જ એની શક્તિ છે. હિંસા દેહની શક્તિ છે. દેહનો નાશ થાય છે. દેહ કરતાં આત્મા વધુ શક્તિશાળી છે.

પરંતુ આપણે દેહ–બુદ્ધિમાં ફસાયેલા રહીએ છીએ. જે કોઇની સામે જોઇએ છીએ, એને દેહ જ માનીએ છીએ, દેહનું આવરણ અળગું કરીને અંદર જે વસ્તુ છે, એની તરફ જોઇએ તો આપણો બધો વ્યવહાર–બોલવા–ચાલવા અને વિચારવાનો ઢંગ જ બદલાઈ જશે. દુનિયા જુદા જ રંગે રંગાયેલી દેખાશે. એમ થઈ જાય તો એ માણસને બીજાનો રંગ નહીં લાગે; એ માણસના સંપર્કમાં જે કોઈ આવશે એને એનો જ રંગ લાગશે.

આજકાલ એવો ખ્યાલ રૂઢ થયો છે કે હિંસાથી બધી સમસ્યાઓ ઊકલી શકે છે અને ત્વરિત ઊકલી શકે છે. આ ખ્યાલ સમૂળગો ખોટો છે. હિંસાથી બધા પ્રશ્નો ન તો ઊકલી શકે છે, ન ત્વરિત પણ ઊકલી શકે છે. પ્રશ્ન ઊકલ્યો એવો આભાસ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૩૮માં ઇસાઇ તથા ૭મા બૌદ્ધ વિશ્વ સંમ્મેલનોની શ્રી જૈન સંઘને પ્રેરણા

લેખક : શ્રી કનકવિજયજી મહારાજ, માચુર ગંજ, વારાણસી.

**યુગ દૃષ્ટા જૈન પ્રચારકો સંસારને સ્વર્ગ બનાવે.**

ઇસાઇ મિશનરી પ્રચારનું મુખ્ય લક્ષ્ય માનવ સમાજના નૈતિક મૂલ્યોની સ્થાપના કરવી તે છે. માનવ બન્ધુત્વ તેની વિશેષ ઉપલબ્ધિ છે. તેઓ ઇશ્વરની પ્રાર્થના આદિમાં વિશ્વાસ કરે છે. પરંતુ વિશિષ્ટ આધ્યાત્મિક દૃષ્ટિ તેઓમાં ન હોવાને કારણે તેઓના જીવનનું ધરાતલ ઊંચું જેટલું હોવું જોઇએ તેટલું ઊંચું ન ગણી શકાય. માંસ મદિરા આદિનો ઉપયોગ તેઓમાં ખૂબ ચાલે છે. એક પ્રકારે ભૌતિક જીવન સુખમય રહેવું જોઇએ એવી, તેઓની દૃષ્ટિ છે, જ્યારે બૌદ્ધ પરલોક, પ્રનર્જન્મ, તથા નિર્વાણ વાદી ભારતીય દર્શન હોવાના કારણે સંયમ, ચારિત્ર, ધ્યાન, શીલ, પ્રજ્ઞા આદિમાં માને છે. તેઓમાં મધ્યમ માર્ગી બૌદ્ધ ભિક્ષુ પરંપરાનું પ્રાબલ્ય છે. તેઓને ભિક્ષા આદિમાં માંસ પણ મળી જાય, તો તેઓ નિઃસંકોચ લઇ શકે છે. બીડી સિગરેટ પણ પી શકે છે. બુદ્ધ દેવની આજ્ઞાં ભિક્ષુઓને પૈસા રાખવાની ન હોવાં છતાં બૌદ્ધ વિશ્વ સંમ્મેલનની બીજીવારની પ્રમુખ થાઇલેન્ડની રાજકુમારી એબી. પ્રતિભા સમ્પન્ન બૌદ્ધ ઉપાસિકા સ્વયં જનસમૂહમાં બૌદ્ધ ભિક્ષુઓને કવરમાં રાખીને પાંચ પાંચ રૂપિયા આપે છે. અને બૌદ્ધ ભિક્ષુઓ એક પછી નિઃસંકોચ લેતા જાય છે. એટલું જ નહીં વિદ્વાન, બુદ્ધિમાન તથા પ્રતિભાશાળી ભિક્ષુઓ ધર્મ અને સંઘની સેવા માટે કોઇ પણ સંસ્થાના પદાધિકારી બની વર્ષો સુધી સેવા કરી શકે છે. બદલામાં તેઓ વેતન પણ લઇ શકે છે. બેંકમાં ખાતાઓ પણ ખોલાવી શકે છે. અને પોતાના નામે મહાબોધિ સોસાયટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં દાન પણ દઇ શકે છે. આ બધું તો ઠીક. આટલી છૂટો હોવા છતાં પણ જયારે ભિક્ષુની ઇચ્છા થાય ત્યારે ભિક્ષુનો વેષ છોડીને ફરી પાછા સંસારી પણ બની શકે છે. શ્રી રાહુલ સાંસ્કૃત્યાયન, શ્રી નાગાર્જુન આદિ અનેક વિદ્વાનોના ઉદાહરણ આપણી સામે વિદ્યમાન છે. હિન્દુ આદિ પરંપરાના સાધુ, સન્યાસી મહાત્માઓના ઉદાહરણો તો સર્વજન પ્રસિદ્ધ છે. એટલા માટે એના વિશેષ વિવેચનની આવશ્યકતા નથી.

આ બધા ઉપરથી શ્રી જૈન જેવા પવિત્ર સંઘે એક મહત્ત્વ પૂર્ણ પ્રેરણા લેવી જોઇએ. વર્તમાન સંસારમાં આત્મા અર્થાત્ ભગવત, સ્વરૂપનો મહાન આદર્શ લઇને યુગાનુરૂપ ત્યાગ, તપ, સંયમ, ચારિત્ર આદિ અનેક ગુણોથી વિભૂષિત રહેલા-બનેલા જૈન પ્રચારકો જેને મુનિ, યતિ, વા, અન્ય કોઇ પણ વિશેષ નામથી સંબોધવામાં આવે તેઓ સંગઠિત થઇને વિશ્વના રંગમંચ ઉપર અવતીર્ણ થાય તો આ વર્તમાન સંસારની કાયા પલટાતા વાર ન લાગે. સંસાર જાણે છે કે એકલા ગાંધીજીએ ભારતની તત્કાલીન વિષમ પરિસ્થિતિમાં અહિંસા, સત્ય તથા ભગવાનની ઉપાસના માત્ર લઇને કેટલું ચમત્કારી કાર્ય કર્યું હતું? જ્યારે આ તો ત્યાગ તપની સાક્ષાત્ મૂર્તિ સમા જૈન સાધુઓ, જેઓને સંસારમાં વ્યક્તિગત કોઈ બન્ધન નથી, જેઓને સારો સંસાર આત્મસ્વરૂપ છે, તેવા પુરૂષાર્થિઓને આ આહ્વાન છે. એક મહાત્મા ગાંધી ભારતને શતાબ્દિઓની ભયંકર વિદેશી દાસત્વમાંથી પણ સ્વતંત્ર કરાવી શકે છે, તો મહાન પુરૂષાર્થિ, આત્મલક્ષી, પૂજ્ય જૈન સાધુઓ જો વ્યવસ્થિત, મહાન્ સંઘ યદિ ઉચિત રીતે અનુશાસન બધ્ધ સારી રીતે કાર્ય કરે તો ન જાણે કેટલા અલ્પ સમયમાં સંસારને 'સ્વર્ગ બનાવી શકે? પરંતુ હા, તેને માટે નિશ્ચિત લક્ષ્ય તથા સદનુકૂળ વ્યવહાર હોવાં જોઇએ આજે જે કઇ કરવાનું છે તે એક માત્ર વિશુદ્ધ ધર્મપ્રચારની ભાવનાથી પ્રેરિત થઇને તથા સંપૂર્ણ માનવ સમાજનીય નહીં પરંતુ સંપૂર્ણ જીવ સૃષ્ટિના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલ્યાણની પવિત્ર કામનાથી પ્રેરિત થઈને જ કોઈપણ નાના મોટા ધર્મ, પક્ષ. યા સંપ્રદાયોના પ્રચારની શુદ્ર કામનાઓથી પૂર્ણત : વિરકત મહાત્માઓજ આ મહાન કાર્ય કરી શકે તેમ છે. અને તેમને માટે જૈન સાધુ સમાજનું ક્ષેત્ર મને વધારે ઉપયોગી લાગે છે. પૂજ્ય જૈન મહાત્માઓ પ્રમાદ યા અજ્ઞાનાવરણને દૂર કરી થોડી યુગાનુરૂપ દૃષ્ટિ પ્રાપ્ત કરી કર્તવ્ય ક્ષેત્રમાં ઉતરી પડે, તો બહુ જલ્દી આ સંસારની કાયા પલટાઈ જાય, મારી શ્રી સંઘના ચરણોમાં કરબદ્ધ પ્રાર્થના છે કે સ્વઉપકારની સાથે જ યથા શકય વિશ્વ ઉપકારના આ દિવ્ય તથા મહાન લક્ષ્યની તરફ સક્રિય રીતે આગળ વધે. જે માર્ગે જતાં નિશ્ચિત રૂપે આત્મ-કલ્યાણ તો છે જ; સાથે સાથે વિશ્વ કલ્યાણનો સંભવ પણ છે. યુગપ્રવર આચાર્ય શ્રી તુલસીગણિજી મહા-રાજ શ્રી એ કરેલી હાર્દિક અપીલ ઉપર શ્રી જૈન સંઘે–ખાસ કરીને દરેક સંપ્રદાયના શ્રી જૈન સાધુ તથા સાધ્વી સંઘોએ તત્કાલ ધ્યાન દેવાની આવશ્યકતા છે. માત્ર દશ વર્ષ બાદ ભગવાન શ્રી મહાવીરના નિર્વાણ ને પચ્ચીસ સો વર્ષ પુરા થાય છે, અને એ રીતે ભસ્મગ્રહની સ્થિતિ પણ સમાપ્ત થાય છે. એના પહેલાં જ અવિભકત શ્રી જૈન સંઘે કાંઈ મહત્ત્વ પૂર્ણ કાર્યની યોજના બનાવી તે કાર્યનો આરંભ કરી દેવો જોઈએ.

## શ્રી જૈન સંઘે તત્કાલ શું કરવું જોઈએ ?

યદિ વર્તમાન જૈન સંઘના મનમાં જૈન ધર્મ પ્રચારની કામના હોય અને એ રીતે વિશ્વ તથા માનવ સમાજની કંઈક ઉપયોગી સેવા કરવાની ઈચ્છા હોય તો શ્રી જૈન સંઘે વર્તમાન કાળને અનુરૂપ આચારમાં કંઈક પરિવર્તન કરવું પડશે. પોતાના આશાભર્યા, પ્રતિભાશાળી સાધુ સાધ્વીઓને વિશ્વના ખૂણે ખૂણામાં પહોચાડવા માટેનો પૂરો પ્રયત્ન પણ શ્રી સંઘે કરવો પડશે. એ વાતતો બિલકુલ સ્પષ્ટ છે કે વિશ્વના ખૂણે ખૂણામાં સાધુઓને પહોંચાડવા માટે વાહનનો ઉપયોગ તો અનિવાર્ય જ છે. પૂજ્ય સાધુ સાધ્વીઓની પવિત્ર વાણિ સંસારના એક ખુણાથી બીજા ખૂણા સુધી ફરી વળે અને એ રીતે સંસારને પ્રેરણા ભર્યાં સંદેશ અવારનવાર મળતા રહે એ માટે શ્રી સંઘે રેડિયો લાઉડ સ્પીકરોના પ્રયોગની પણ વ્યવસ્થા કરવી પડશે. આ જાતની વ્યવસ્થા કરવામાં શ્રી સંઘ જેટલો વિલંબ કરશે તેટલું જ શ્રી સંઘનું પોતાનું જ અર્થાત્ ભગ-વાન મહાવીરના ‘ સવી જીવ કરૂં શાશન રસી ’ એ સિદ્ધાન્તનું જ નુકશાન થશે.

અહિં આપણે રેડિયો, લાઉડસ્પીકર, રેલ્વે, હવાઈ જહાજ ( વિમાન ) આદિના ઉપયોગનો પ્રશ્ન પણ વિચારી લઈએ. વાત એ છે કે : જીવાત્માની પાસે મન, બુદ્ધિ, ઇન્દ્રિય, શરીર આદિ અનેક યંત્ર છે કે જેના દ્વારા તે પોતાની ઇષ્ટ–અનિષ્ટ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરી રહ્યો છે તે યંત્રો એક જન્મ બાદ નષ્ટ થાય છે. બીજા જન્મમાં વળી નવા મળે છે. તે આખી પરંપરા જયાં સુધી જીવાત્માને આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી અવિચ્છિન્ન પણે ચાલુ રહે છે. મન બુદ્ધિ આદિના યંત્રોને બાજુએ રાખીએ તો પણ અન્ન વસ્ત્ર, આદિની પ્રાપ્તિ ભિક્ષા યા મધુકરી–જે મળે છે, તેના ઉત્પાદનમાં પણ યંત્રોનો પ્રયોગ પરમ્પરાએ પણ થાય છે કે નહીં ? એથીએ જરા આગળ આવીએ તો પોસ્ટ, તાર, પુસ્તક પ્રકાશન, પ્રેસ, ગ્રંન્થમાલાઓ, વર્તમાન પત્ર આદિનો ઉપયોગ મુનિ મહારાજો દ્વારા જે કરવામાં આવે છે; તેમાં સજીવ નિર્જીવ યંન્ત્રોનો ઉપયોગ કેટલો સ્પષ્ટ થઈ જાય છે ? એટલે કે યંન્ત્રના ઉપયોગ વિના માનવ જીવન સંભવ નથી. તો તે યંન્ત્રોના ઉપયોગમાં મધ્યમ માર્ગ સ્વીકારવામાં આવે કે પોતાના નિમિતે નહીં, સહજ સ્વાભાવિક રીતે જે ચાલતા જ હોય તેવા યંન્ત્રોનો ઉપયોગ કરવામાં આવે તો મુનિ યા યતિ આચારનું ઉલ્લંઘન નથી, તેમ થાય તો તે ઉચિત થયુ ગણાય.

મનુષ્ય શરીરની પ્રત્યેક ક્રિયા શ્વાસ, પ્રશ્વાસ, રકતાભિસરણ; ટુંકમાં એક વિચારથી બીજા વિચારનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિવર્તન એ બધામાં સુક્ષ્મ હિંસા થાય છે કે નહીં ? જો થાય છે તો શા માટે કરવામાં આવે છે? એનો ઉત્તર એમ છે કે દેહધારણાની સાથે તે હિંસા અનિવાર્ય છે. તો પછી રેલ્વે આદિમાં જે હિંસા છે તે સહજ સ્વાભાવિક છે. બીજુ કોઈ રેલ્વે આદિનો ઉપયોગ નહીં કરે તો પણ તે વિદ્યુત, કોયલા આદિનો હિંસા રોકાવાની નથી જ. જેવી રીતે નાવના ઉપયોગ માટે શાસ્ત્રકારોની આજ્ઞા છે. તેવી રીતે આવા નિર્દોષ યાંન્ત્રિક વાહનોનો ઉપયોગ કરવાનું પણ કંઇ શાસ્ત્ર વિરૂદ્ધ તો નથી શાસ્ત્ર રચનાના સમયે યાન્ત્રિક વાહનો વિદ્યમાન હોત તો તેના માટે પણ વિધિ નિષેધ હોત. બીજો એક વિચારણીય પ્રશ્ન એ પણ છે કે અગ્નિ કોયલા આદિમાં તો તેજસ્કાયના જીવોની વિરાધના છે. પરંતુ સ્પિરિટ, પેટ્રોલ, વિદ્યુત, આદિમાં હિંસાનું પ્રમાણ કેટલું અને કેવું છે? એથીય આગળ વધીને અણુશકિત જયારે ઉપયોગમાં આવશે ત્યારે અગ્નિકાયના જીવોની હિંસા કેટલી અલ્પ થઇ ગઇ હશે ? જો કે કેટલાક વિચારકોનું કહેવું એમ પણ છે કે વિદ્યુત અણુશકિત આદિમાં અગ્નિકાયના જીવોની હિંસા છે જ નહીં. ખેર. ગમે તેમ હોય પરંતુ એટલું તો સુનિશ્ચિત છે કે જૈન સાધુઓના માટે યાંન્ત્રિક વાહનોનો નિષેધ હવે અધિક સમય ટકવો મુશ્કેલ છે. પદયાત્રામાં પણ હિંસા નથી થતી તેમ કોણ કહી શકશે ? કેવળ જીવહિંસા જ નહીં સમય તથા શકિતની હિંસા તરફ પણ વિચારકોએ ધ્યાન આપવા જેવું છે. સંઘના અગ્રણી પૂજ્ય આચાર્યદેવો તથા શ્રદ્ધાળુ શ્રાવકોએ મળીને તે આવનારી પરિસ્થિતિનો ખ્યાલ કરી ફરજીયાત તે બંધનો તૂટવાના પ્રસંગો ઉપસ્થિત થાય અને એ રીતે શ્રીસંઘમાં વિના કારણે કલહ, વૈમનસ્યનું વાતાવરણ સર્જાય તે પૂર્વેજ તેનો ઉચિત માર્ગ કરી સાધુ સાધ્વીઓની શકિતને વિશ્વમાં ધર્મપ્રચારના કાર્ય માટે ખુલ્લી કરવી જોઇએ. નવ સર્જનનો એ જ રાજમાર્ગ છે. વાહન વિહારની સુવિધા આપવાથી પ્રતિભાવાન્ સાધુઓની શકિતઓ કુંઠિત નહીં થાય પરંતુ વધારે તેજસ્વી બનશે. તેઓ સંઘ તથા શાસનનું નામ તો ઉજ્જવળ કરશે જ સાથે સાથે જીવનમાં નિરીહતાનો પણ વિશેષ અનુભવ કરતાં કરતાં પરમામૃતની પ્રાપ્તિ પણ કરતાં થશે.

## પરમહંસોની જેમ મહાન્ યતિ પરંપરાની અનિવાર્યતા

યાંત્રિક વાહન વિહાર માટે શ્રીસંઘની સામે એક વિકલ્પ એ પણ આવી શકે છે કે પૂજ્ય મુનિ પરમ્પરાનું જે રીતેનું જીવન ચાલ્યું આવે છે, તેવું જ રહેવા દેવું, પરંતુ યુગાનુરૂપ ધર્મપ્રચાર તથા પ્રસારના માટે એક નવો વર્ગ ઉપસ્થિત કરવો તેને માટે શ્વેતાંબર મંદિર માર્ગ પરંપરા પાસે તો એક ઘણો જ સુંદર માર્ગ છે, જે શતાબ્દિઓથી ચાલ્યો આવે છે. તે છે વિદ્વાન યતિ પરંપરાનો, યતિ પરંપરાઓ ભૂતકાળમાં ધર્મના પોષણ, સંરક્ષણ તથા સંવર્ધન માટે ઘણોજ મહત્ત્વનો પુરૂષાર્થ કર્યો છે. અનેક મહાપુરૂષોએ પોતાની અમૂલ્ય સેવાદ્વારા જૈન આદર્શની પ્રતિષ્ઠા જ વધારી છે. યદ્યપિ કાળક્રમે તેમાં પણ વર્તમાનકાળે કેટલીય ત્રૂટિઓ આવી ગઈ છે, પરંતુ તેથી શ્રી સંઘના અગ્રણીઓએ નિરાશ થવાની આવશ્યકતા નથી આગેવાનો ચાહે તો તે પૂરી કરી પરમ્પરામાં નવું ચૈતન્ય, નવું જોમ તથા નવા પુરૂષાર્થનો પ્રાણ પણ પૂરી શકે છે. યદિ શ્રી સંઘનો સહકાર મળે તો હું પણ તેવા અનેક મહાનુભવોને જાણું છું કે જેઓ શ્રી સંઘના ચરણે પોતાનું જીવન સર્વસ્વ અર્પિત કરી દેવા તૈયાર છે- પરંતુ તેઓની અમુલ્ય શકિતઓનો કંઇક ઉચિત યુગાનુરૂપ ઉપયોગ થતો હોય તો! યદિ સમાજમાં યતિ પરમ્પરાની ગૌરવપૂર્ણ પ્રતિષ્ઠા થાય, તથા તેની સામે વિસ્તૃત યુગાનુરૂપ કાર્યક્રમ હોય તો તેને અનેક વિદ્વાન્, ધર્મપ્રસારક, તથા સેવાભાવી મુનિ મહાત્માઓ અને વિદુષી સાધ્વીજીઓ આર્યારત્નોનો પણ બહુમુલ્ય સહયોગ મળી શકે છે. અન્તે આ બધી વાતનો સારાંશ એ છે કે શ્રી સંઘના અગ્રણી આચાર્યો, વિદ્વાન મુનિ મહારાજો, તથા આગેવાન સદ્‌ગૃહસ્થોએ મળીને આ સારી ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષમ પરિસ્થિતિમાંથી કંઇક માર્ગ કાઢવો જોઇએ. શ્રી સંઘ હજુ પણ સાવધાન નહીં થાય તો જ્ઞાની ભગવાન જ જાણે કે શ્રી સંઘનું ભાવિ કેવું છે?

કોઇક કોઇક મહાનુભાવો માનતા હોય કે સાધુ અને ગૃહસ્થ બે જ વર્ગો રહેવા જોઇએ, તો તે વાત ભૂલ ભરેલી છે. સાધુ મહારાજ પોતાની આચાર મર્યાદાના કારણે કેટલીય પ્રવૃત્તિઓ નહીં કરી શકે; જ્યારે ગૃહસ્થની પાસે સમયજ નથી કે તે તેવી પ્રવૃત્તિઓને માટે સમય કાઢી શકે. એટલે સૌથી સારો માર્ગ એ છે કે, અજૈન પરમ્પરાઓમાં જેવી રીતે પરમહંસોની વ્યવસ્થા છે તેવી જૈનોમાં પણ યતિ પરમ્પરા રહેવી જોઇએ. **યતિ પરમ્પરા તે ગૃહસ્થાશ્રમના બાદની નહીં પરંતુ સાધુ જીવનનાં બાદની ગણાવી જોઇએ અને એમ થશે તો પ્રતિભાશાળી, વિદ્વાન, સાંસારિક પ્રંપચોથી નિર્લેપ, નિરીહ તથા કાર્યકુશળ મહાનુભાવો શ્રી જૈન સંઘ તથા વિશ્વને પ્રાપ્ત થશે. જેઓ શ્રી જૈન સંઘનું ગૌરવ વધારનારા હશે.**

વિશ્વની પરિસ્થિતિ જોતાં યતિ વર્ગનું મહત્ત્વ એ કારણે પણ છે કે: યતિઓની એક પૂરી પરંપરા પણ ચાલી શકે છે. ધર્મના ક્ષેત્રમાં ગૃહસ્થો કાર્ય તો કરે છે. એટલું જ નહીં કેટલીક વાર તે સાધુઓની પ્રતિભાને પણ ઓળંગી જાય તેવું ઉપયોગી મહત્વનું કાર્ય પણ ગૃહસ્થો કરી જાય છે. શ્રી વીરચંદ રાઘવજી તેનું એક ઉદાહરણ છે. તેઓ વિશ્વ ધર્મ સંમેલન શિકાગો, અમેરીકામાં ગયા હતા. ધર્મનો પ્રચાર–પ્રસાર પણ કર્યો પરંતુ તેઓ એક ગૃહસ્થ હોવાના કારણે તેઓની શિષ્ય પરંપરા ન હતી. ફલતઃ ધર્મ-પ્રચારની સારી વાત. તેઓની સાથે જ સમાપ્ત થઇ ગઇ. જ્યારે સ્વામી શ્રી વિવેકાનંદજી, અનાગારિક શ્રી ધર્મપાલજી આદિ સાધુ મહાત્મા હતા, તેથી તેઓ વિશ્વ ધર્મ સંમેલનમાં સારી છાપ તો પાડી જ શક્યા, ઉપરાંત, તેમની પરંપરા આજે પણ હજારો શિષ્યો તથા ભક્તો દ્વારા ચાલી રહી છે. તેના તરફ પણ શ્રી સંઘે જરૂર ધ્યાન આપવું જોઇએ. આચાર્યશ્રી તુલસી-મણિજી મહારાજશ્રી પણ ગૃહસ્થ તથા સાધુઓની વચમાં એક ધર્મપ્રચારકોનો વર્ગ તૈયાર કરવા માંગે જ છે. જે વિશ્વમાં જૈન આદર્શોનું પ્રતિનિધિત્વ કરે તે આ વાતનુ જ સમર્થન કરે છે. તેઓશ્રીના જીવન તથા ધર્મપ્રચારની ગતિ વિધિ જોતાં એમ સ્પષ્ટ લાગે છે કે તેઓ પોતાના જીવનકાળમાં શ્રી જૈન સંઘના માટે ઘણું જ ઉપયોગી તથા મહત્વનું કાર્ય કરી જશે. શાસનદેવ અર્થાત્ વિશ્વની સમુન્નત શક્તિ તેઓશ્રીને સહાયક થાય તેવી હાર્દિક શુભ ભાવના છે. સાથે સાથે તેઓશ્રીના અત્યંત ઉપયોગી લેખ "શ્રી જૈન સમાજ કે 'લિએ તીન સુઝાવ' (જુઓ ૨–૧–૬૫નું 'જૈન') સમ્પૂર્ણ શ્રી જૈન સંઘ આના ઉપર પણ સત્વર વિચાર કરે.

## મહાન્ પુરૂષાર્થી નરો આગળ આવે

યાન્ત્રિક વાહન વિહારના પ્રશ્નને બીજી દૃષ્ટિથી પણ જોઇએ. વિશ્વના મહાપુરૂષો કંઈ ગુલાબની શય્યામાં જ માત્ર પેદા નથી થતાં. અનેક કષ્ટ, યાતના, તથા ઉપસર્ગોની વચ્ચેથી પસાર થઇનેજ મનુષ્ય પોતાના નિશ્ચિત લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે. અનેક મહાપુરૂષોના ઉદાહરણ આ વાતના સાક્ષીરૂપ છે. એટલે જેઓના મનમાં ભગવાન મહાવીરના લોક કલ્યાણકારી ઉપદેશોના પ્રચાર, પ્રસાર દ્વારા માનવ સમાજની વિશુદ્ધ આધ્યાત્મિક સેવા કરવાની ભાવના હોય તેવા મહાનુભાવોએ, સાધુ યા સાધ્વીજીયોએ સ્વતઃ આગળ આવવું જોગએ. પરિસ્થિતિઓનો સામનો કરવો જોઇએ અને એમ કરતાં કરતાં પોતાના લક્ષ્ય તરફ આગળ વધવું જોઇએ. પરંતુ હાં તેવા કાંટાળા માર્ગ પર ચાલવા માટે પ્રસ્તુત સાધકે સર્વપ્રથમ ગંભીર આત્મનિરીક્ષણ કરી લેવું જોઇએ કે :–(૧) કોઇ પણ પ્રકારના યશકીર્તિની કામનાથી પ્રેરાઇને તો તે આ માર્ગે નથી જતો? યદિ અન્તકરણના ભીતરી કોઇપણ ખૂણામાં યશકીર્તિની કામનાનો આભાસ પણ લાગે તો શ્રેષ્ટતો એ છે કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધક ત્યાંજ બેસી જાય. આગળ ચાલવાનું માંડી વાળે, જે રીતે સામાન્યજીવન ચાલતું હોય તે રીતે તે જીવતો રહે. (૨) યદિ વિશુદ્ધ ધર્મસેવાના ઉદ્દેશ્યથી જ તે આ માર્ગે જવા માંગે છે. તો તેને એ પણ નિર્ણય કરી લેવો જોઇએ કે ભલે દુનિયા ન માને, પોતાની આત્મીય ગણાતી વ્યક્તિઓ પણ ન સમજવાના કારણે વિરોધ જ નહીં, ભયંકર વિરોધ પણ કરે. તોય કોઇપણ વ્યક્તિના ઉપર આન્તરિક દુર્ભાવના ન રાખતાં સમભાવથી ધીર, ગંભીર રીતે તે પોતાના નિશ્ચિત લક્ષ્ય તરફ આગળ વધતો જ જશે (૩) સાથે એટલું સમજી લેવું જોઇએ કે દેહના નિર્વાહને માટે તેને માત્ર થોડુંક અન્ન તથા વસ્ત્રનીજ આવશ્યકતા છે અને તે પ્રકૃતિ દ્વારા ગમે ત્યાંથી, ગમે તે રીતે પૂરા પડશે જ. તે નિશ્ચિત છે. (૪) ધર્મની જે રીતે તે સેવા કરવા માંગે છે તેને અનુરૂપ જ્ઞાન, વક્તૃત્વ, લેખન આદિ ગુણો પણ તેનામાં હોવા જોઇએ. જો તે ગુણોની કમી હોય તો તેને યથા શક્ય પૂર્ણ કરી લેવા જોઇએ.

ઉપરની વાતતો અત્યન્ત પુરૂષાર્થી વ્યક્તિઓના માટેની છે. બાકી સાધારણ રીતે તો શ્રી જૈન સંઘે વર્તમાનકાળમાં ઉચિત રીતે વિશ્વમાં ધર્મ પ્રચારનું કાર્ય સારી રીતે ચાલે એટલા માટે કંઇક વિચારવું જ જોઇએ. તેને માટે કોઇ વ્યવસ્થિત કાર્યક્રમ પણ બનાવવો જોઇએ. એમ થશે તો શ્રી સંઘની પાસે આશાભર્યા જે અનેક સાધુઓ, સાધ્વીઓ તથા આર્યારત્નો છે. તેઓની શક્તિઓનો કંઇક રચનાત્મક કાર્યમાં ઉપયોગ થશે કે જે શક્તિઓ અત્યાર સુધી ચાર દિવાલોમાં બંધ રહેવાના કારણે બેકાર જેવી રહી હતી અથવા પ્રવૃત્તિ માટેનું કોઇ વિસ્તૃત ક્ષેત્ર સંયુક્ત ન હોવાના કારણે અંદર અંદર રાગદ્વેશ, કલંક, કંકાસ, ખેંચાતાણી, પક્ષાપક્ષી આદિના દ્વારા સમાજને જ નુકશાન કરી રહી હતી. મારી તો શ્રીસંઘના ચરણોમાં અત્યંત નમ્રભાવે પ્રાર્થના છે કે શ્રીસંઘના અત્યની મહત્ત્વના આ પ્રશ્ન પર કંઇક ઉપયોગી વિચાર કરે અને પોતાનાં જ અનેક આશાભર્યા રત્નોને પોતાનો જ અર્થાત્ શ્રીસંઘ તથા ભગવાન મહાવીરનો જ પ્રકાશ ફેલાવવા વિશ્વના પટપર અતિશીઘ્ર રવાના કરે. સમય ચાલ્યો જાય છે. જે સમય જાય છે તે પાછો આવવાનો નથી સમગ્ર સંસાર નાસવંત છે. વિનશ્વર સંસારમાં મનુષ્યે જે કંઈ સદ્ધર્મ તથા સત્પુરૂષાર્થ કર્યો તે જ સફળ છે. આશા રાખીએ કે શ્રી જૈન સંઘ પોતાના આશાભર્યા, અમૂલ્ય, મહાન સાધકો દ્વારા તે અવિચળ પુરૂષાર્થની ઉજ્જવળ જ્યોતિ ઓલમ્પિક જ્યોતની જેમ અતિશીઘ્ર પ્રજ્વલિત કરશે. અને તેમાંથી નીકળેલી મહાન દિવ્યજ્યોતોને વિશ્વમાં ભગવાન મહાવીરને અમૃતમય સંદેશ ફેલાવવા અંતરના આશીર્વાદપૂર્વક વ્યવસ્થિત રીતે રવાના કરશે.

## ભવ્ય સ્નાત્ર મહોત્સવ

શ્રી. બૃહદ્ મુંબઈ સ્નાત્ર મહામંડળના આશ્રય હેઠળ મંગળવાર તા. ૧૩-૪-૬૫ ના સ્ટા. ટા. ૯-૩૦ વાગે શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રય હોલમાં પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્ય સ્નાત્ર મહોત્સવ પૂજ્યપાદ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજ સાહેબના સાનિધ્યમાં ભાઇબહેનોની ચિક્કાર હાજરી વચ્ચે ઠાઠમાઠથી ઉજવવામાં આવ્યો હતો. મહામંડળના પ્રમુખ શેઠ શ્રી. રમણલાલ દલસુખભાઈએ આ પ્રસંગે સ્નાત્રની મહત્તા અને પ્રભુનો જન્મોત્સવ છપ્પન દિગ્ કુમારિઓ તથા ચોસઠ ઇંદ્રો કેવી ભવ્ય રીતે ઉજવે છે તે સુંદર શૈલીમાં સમજાવ્યું હતું. આ રીતે બપોરે બે વાગે શાસનદેવના જય જય કાર સાથે સ્નાત્ર મહોત્સવ પૂર્ણ થયો હતો.



For Private And Personal Use Only

# બુદ્ધ શા માટે તથાગત કહેવાય છે?

પ્રા. જયંતીલાલ ભા. દવે. એમ. એ.

જગતના ત્રણ મહાન ધર્મોની ઉત્પત્તિ હિંદુસ્થાનમાં થઇ છે એ તેનું અહો ભાગ્ય છે. આ ત્રણ ધર્મો છે (૧) હિંદુ (૨) જૈન અને (૩) બૌદ્ધ.

હિંદુ ધર્મ વૈદિક પ્રણાલિકાને અનુસરે છે જ્યારે જૈન તથા બૌદ્ધધર્મો શ્રમણ પ્રણાલિકાને અનુસરે છે. શ્રમણ સંસ્કૃતિના બે મહાનસ્તંભો, એક તો મહાવીર અને બીજા બુદ્ધ. બન્નેએ અહિંસાધર્મ આચારી બતાવ્યો અને ઉપદેશ્યો, હિંસામય જગતમાં સંપૂર્ણપણે અહિંસામય જીવન ગાળવું એ એક અનોખી સિદ્ધિ છે. કદાચ હિંદુસ્થાનનું વાતાવરણ જ એવું હોય કે બીજા દેશોના કરતાં અહિં જગતમાં સૌથી વધારે સંતો મહાત્માઓ તપસ્વીઓ અને જ્ઞાનીઓ પાકે.

ધર્માવતાર મહાત્માઓ તો પૃથ્વીનું લૂણ છે. જેમ મીઠા વગર રસોઇ ફીક્કી લાગે તેમ મહાત્માઓ વગર પૃથ્વી નિસ્તેજ અને ઘોર અંધકારમય લાગે. ગીતા, ઉપનિષદ્, મહાવીરવાણી, ધમ્મપદ વગેરે સંતવાણી જ આત્મામાં અમૃતસિંચન કરી શકે.

વૈશાખીસ્કાદ પૂર્ણિમાએ બુદ્ધજયંતિ ઉજવાય છે, તે પ્રસંગ ઉપર ભગવાન બુદ્ધનો ઉપદેશ તો જગત્ખ્યાત છે અને અહિં તે અપેક્ષિત પણ નથી. બૌદ્ધ દર્શનનો અભ્યાસ કરતાં એકવાર મને વિચાર આવ્યો કે શા માટે બુદ્ધને તથાગત્ત કહેવામાં આવે છે? વિદ્યાર્થી અવસ્થામાં જીજ્ઞાસાતૃપ્ત કરવા શબ્દકોશ કે વિશ્વ કોશનો આશ્રય લેવામાં આવે છે. અમરકોશમાં બુદ્ધ નામે બે શ્લોકમાં વર્ણવ્યાં છે તે આ પ્રમાણે છે:-

सर्वज्ञः सुगतो बुद्धो धर्मराज स्तथागतः ।
समंतभद्रो भगवान् मारजि ल्लोकजि ज्जिनः ॥
षडभिज्ञो दशबलेऽद्वयवादी विनायकः ।
मुनींद्रः श्रीधनः शास्ता मुनिः शाक्य मुनि स्तुयः ॥
स शाक्यसिंहः सर्वार्थसिद्धः शौद्धोदनिस्तु सः ।
गौतमश्चार्क बंधुश्च मायादेवी सुतश्च सः ॥

અર્થાત, (૧) સર્વજ્ઞ (૨) સુગત (૩) બુદ્ધ (૪) ધર્મરાજ (૫) તથાગત (૬) સમંતભદ્ર (૭) ભગવાન (૮) મારજિત (૯) લોકજિત (૧૦) જિન (૧૧) ષડભિજ્ઞ (૧૨) દશબલ (૧૩) અદ્વયવાદી (૧૪) વિનાયક (૧૫) મુનીંદ્ર (૧૬) શ્રીધન (૧૭) શાસ્તા અને (૧૮) મુનિ આમ અઢાર નામો બુદ્ધનાં છે. જો કે વિષ્ણુ સહસ્ત્ર નામની પેઠે બુદ્ધનાં હજાર નામનું સ્તોત્ર રચાયું હોય તેવું હજી સુધી જાણ્યું નથી, પણ અમર કેશે આપેલા નામો ઉપરાંત બીજાં પણ નામો જાણ્યાં છે, જેમકે બોધિસત્ત્વ, અમિતાભ, અવલોકિતેશ્વ વગેરે, આ બધાં નામો ઉપર બૌદ્ધ સંપ્રદાય વાળાઓએ ભાષ્યો લખ્યાં છે. વિસ્તાર ભયથી આ બધાં નામોનો ખુલાસો અહિં આપી શકાશે નહિ. ફક્ત તેમાંથી સૌથી વધારે પ્રસિદ્ધિમાં આવેલું **તથાગત** નામ છે અને તેથી તેનો જ વિચાર અહિં કરાશે. બુદ્ધનું જીવનચરિત તપાસીએ તો જણાઇ આવશે કે ગૃહત્યાગ અને મહાભિનિષ્ક્રમણ કર્યા પછી નવા દિવ્ય જીવનની શરૂઆત થઇ ત્યારે જુનું સંસારી નામ તો શોભે જ નહિ. એકવાર પોતાની તપશ્ચર્યાના સંગાથી પાંચ તપસ્વીઓ તેને મળ્યા અને 'બંધુગૌતમ' એમ કહી સંબોધન કર્યું. બુદ્ધ તુરત બોલી ઉઠ્યા કે આ દેહધારી તથાગતને જુના નામે બોલાવશો નહિ. પછી તો જ્યાં જ્યાં બુદ્ધ ઉપદેશાર્થે ભ્રમણ કરવા લાગ્યા ત્યાં ત્યાં લોકો તેને તથાગત શબ્દથી સંબોધતા હતા.

એક વખત બુદ્ધ કપિલવસ્તુ નગરની શેરીઓમાં ભિક્ષા લેવા નીકળી પડ્યા હતા તે વખતે શુદ્ધોધન રાજા રાજમાર્ગ પરથી પસાર થઇ રહ્યા હતા અને તેને ખબર પડી કે પોતાનો એક વખતનો રાજપુત્ર ભિક્ષા માગી રહ્યો છે. જુનાં સંસારી સ્મરણો શુદ્ધોધન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજાના હૃદયમાં જાગૃત થયાં અને જુનું પુત્રવાત્સલ્ય ઉભરાયું. તે એકદમ બુદ્ધ પાસે ગયા અને કહ્યું કે 'મારા મહેલે આવો અને યથેચ્છ ભિક્ષાલો.' બુધ્ધે જવાબ આપ્યો કે 'તમે મને તમારો વારસદાર પુત્ર ગણો છો પણ તે પ્રકરણ તો ક્યારનુંય સમાપ્ત થઇ ગયું છે. પૂર્વે થયેલા તથાગતોનો હું વંશવારસ છું' આ શબ્દો સાંભળી પિતા શુદ્ધોધન સંસારી પિતા મટી જઇ બુદ્ધ કે જે એક વખતનો તેનો સંસારી પુત્ર હતો તેનો શિષ્ય બન્યો.

ઉપરના બે પ્રસંગો પરથી સ્પષ્ટ થાય છે કે બુદ્ધ પોતે જ એમ ઇચ્છતા હતા કે લોકો તેને તથાગત સ્વરૂપે સમજે.

હવે આપણે તથાગત શબ્દનો વિચાર કરીએ સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે તેની વ્યુત્પત્તિ બે રીતે થાય છે (૧) तथा+आगत અને (૨) तथा+गत બન્ને રીતે તે સૂચક શબ્દ છે. બૌદ્ધસંપ્રદાયના આચાર્ય બૌદ્ધઘોષકૃત 'સુમંગલવિલાસની' એક સુંદર ગ્રંથ છે તેમાં બુદ્ધને તથાગત શા માટે કહે છે તેનો ખુલાસો કર્યો છે. બૌદ્ધસંપ્રદાયમા ભિન્ન ભિન્ન મંતવ્યોનો સારાંશ તેણે આ પ્રમાણે આપ્યો છેઃ—

(૧) બુદ્ધ ભગવાન આ રીતે (तथा) સંસારમાં આવ્યા છે (आगत) જે રીતે પૂર્વેના અવતારી પુરુષો અને જ્ઞાનીઓ આવ્યા હતા.

(૨) બુદ્ધભગવાન જે રીતે પૂર્વેના જ્ઞાની પુરુષો અવતારકૃત્ય પૂરું કરી ગયા (गत) તે રીતે (तथा) ગયા છે.

(૩) બુદ્ધભગવાને સત્ય (तथा) નાં બધાં લક્ષણો સહિત અવતાર લીધો છે.

અહિં तथा શબ્દ બહુ સૂચક છે. આપણે સત્યને તથ્ય કહીએ છે. સત્ય શબ્દનો સંબંધ યથા તથા સાથે છે. પ્રસિદ્ધ तथता वाद કે જે બૌદ્ધ દર્શનનું એક મુખ્ય અંગ છે તેની સાથે તથા નો સંબંધ સમજવા જેવો છે.

(૪) ભગવાન બુધ્ધે तथा નો એટલે કે પૂર્ણ સત્યનો જીવંત સાક્ષાત્કાર કર્યો છે.

(૫) ભગવાન બુધ્ધે તથા એટલે સત્યધર્મનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને આચરી બતાવ્યું છે.

(૬) ભગવાન બુદ્ધ હમેશાં તથાનો ઉપદેશ કરતા હતા. તથા એટલે સત્ય.

(૭) ભગવાન બુદ્ધની જીવનચર્યા તથા સ્વરૂપ છે.

(૮) ભગવાન બુધ્ધે સર્વ પદાર્થો પર વિજય મેળવ્યો છે અને તે સદા વિજયી છે.

આ પ્રમાણે બુદ્ધઘોષે તથાગત મીમાંસા કરી તેથી વધારે કહેવાનું નથી. ટુંકામાં તથા એટલે સત્ય અને તથાગત એટલે સત્યમાર્ગ પ્રવર્તક જે કોઈ આ માર્ગે ચાલે તેનું કલ્યાણ જ થાય તેમ અહીં વિવક્ષિત છે.


## ભાડે આપવાનું છે

ભાવનગર ખારગેટ–દાઉદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે. આ મકાનનો ત્રીજો–ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઇચ્છનાર ભાઇઓએ નીચેના સ્થળે મળવું.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

| બનાવનારા | | બનાવનારા |
|---|---|---|
| બારજીસ | | રોલીંગ શટર્શ |
| લાઇફ બોટસ | | ફાયર પ્રૂફ ડોર્સ |
| ટગ્ઝ | શીપ | રોડ રોલર્સ |
| ડ્રેજર્સ | બીલ્ડર્સ | વ્હીલ બેરોઝ |
| પેસેન્જર વેસલ્સ | અને | રેફયુઝ હેન્ડ કાર્ટ્સ |
| પોન્ટૂન્સ | એન્જીનીઅર્સ | પેલ ફેન્સીંગ |
| મૂરીંગ બોયઝ | | લેડ-યુલાઇટ ( લેડવુલ ) |
| બોયન્ટ એપરેટસ વિગેરે | | મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે |

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કુાં પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ

શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૭૧/૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કર્સ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧ | જિનવાણી | .... ... .... | ૧૨૩ |
| ૨ | અધ્યાત્મ મહાવીર | .... .... .... | ૧૨૪ |
| ૩ | જીવનો સ્વરૂપધર્મ | જિજ્ઞાસુ | ૧૨૫ |
| ૪ | અમૃત | ચિત્રભાનુ | ૧૨૬ |
| ૫ | ઉન્નતિની ચાવી | પૂ. મુનિશ્રી ચંદ્રસાગરજી મહારાજ | ૧૨૭ |
| ૬ | ગાંધીજી અને વર્ણાશ્રમ | પંડિત સુખલાલજી | ૧૨૮ |
| ૭ | માનવતા અને દાનવતા | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૩૦ |
| ૮ | અહિંસાની ઉપાસના | .... .... .... | ૧૩૦ |
| ૯ | ૩૮મા ઈસાઈ તથા ૭મા બૌદ્ધ વિશ્વ સંમેલનોની શ્રી જૈનસંઘને પ્રેરણા | શ્રી કનક વિજયજી મહારાજ | ૧૩૧ |
| ૧૦ | બુદ્ધ શા માટે તથાગત કહેવાય છે? | પ્રા. જયંતિલાલ ભાઈશંકર દવે એમ.એ. | ૧૩૬ |


## જન્મ જયંતિ મહોત્સવ

પરમપૂજ્ય ગુરૂદેવ આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે આ સભા તરફથી સંવત ૨૦૨૧ના ચૈત્ર સુદી ૧ તા. ૨-૪-૬૫ શુક્રવારના રોજ રાધનપુર નિવાસી શેઠશ્રી સકરચંદભાઈ મોતીલાલભાઈ મુળજી તરફથી શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂજ્ય ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી તેમજ સાંજના ત્રણ વાગે શેઠ આણંદજી કલ્યાણજીના વંડામાં સભાસદોનું પ્રીતિભોજન યોજવામાં આવેલ હતું. સભ્યોએ સારી સંખ્યામાં આ પ્રસંગે લાભ લીધો હતો અને ખૂબ આનંદપૂર્વક આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ સભાના નવા લાઈફ મેમ્બર પારેખ નેમચંદભાઈ ચત્રભુજ ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. No. G. 49

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## •ખાસ અગત્યની વિનંતી•

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન–ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

१ वसुदेव हिन्डी : (દ્વિતીય અંશ) १०–००

२ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ भा. २जो (પાંચ અને છ) ६–००

३ जैनमेघदूत २–००

४ प्रकरण संग्रह (પ્રતાકારે) (જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ०–५०

५ त्रिषष्टी पर्व भा. १लो. (મૂળ સંસ્કૃત) ६–००

६ „ भा. २जो ( „ ) ८–००

७ „ (પ્રતાકારે) १०–००

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

८ सम्मतितर्क महार्णवतारिका........ १५–००

९ तत्त्वार्थाधिगमसूत्रम्............... १५–००

## લખો :—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર :

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રણ સ્થાન: આનંદ પ્રિન્ટીંગ પ્રેસ સ્ટેશન રોડ,–ભાવનગર.

For Private And Personal Use Only